ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

૮ | ગુરુવાર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | કડોદ | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

DGVCLની ઘોર બેદરકારીને કારણે માંડવીના કડકવામાં થ્રી ફેઝમાં શોર્ટસર્કિટ

માંડવીના ખેતરમાં 100 ટન શેરડી રાખ

તાત્કાલિક સરવે કરી નુકસાની વળતર ચૂકવવા ખેડૂતોની માંગ

માંડવી : માંડવી તાલુકામાં DGVCL ની મેન્ટેનન્સની કામગીરીની મોટી પોલ ખુલી ગઈ છે. મૂળ અમલસાડી ગામના રહેવાસી ખેડૂત કલ્પેશભાઈ ભગુભાઈ પટેલનું ખેતર કાકડવા ગામમાં ખેતી કરે છે. જ્યાં તેમના ખેતરમાંથી પસાર થતી DGVCLની એગ્રી કલ્ચર થ્રી-ફેઝ લાઈન વાયરોમાં અચાનક થયેલા શોર્ટ સર્કિટને કારણે વાયરોના તણખાથી લાગેલી આ ભયંકર આગમાં ખેડૂતની ત્રણ વિંઘા જમીનમાં ઉભેલી 100 ટન શેરડી બળીને ખાખ થઈ ગઈ હતી. જેના કારણે ખેડૂતને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.


હિતેન પટેલ

સુગર મિલોની પિલાણ સીઝન શરૂ થાય તે પહેલાં જ વીજ કંપનીની આ સરેઆમ લાપરવાહીએ ખેડૂતના મોઢે આવેલો કોળિયો છીનવી લીધો છે. છતાં હજુ સુધી તંત્રના પેટનું પાણી હલતું નથી.

આ ભારે નુકસાન અંગે અસરગ્રસ્ત ખેડૂત કલ્પેશભાઈ પટેલે DGVCL ના નાયબ કાર્યપાલક ઈજનેરને તથા મઢી સુગર ફેક્ટરીને લેખિત અરજી આપીને જાણ કરી છે. હાલમાં ખેડૂત માટે સૌથી મોટો અને સળગતો પ્રશ્ન એ છે કે, મઢી સુગર મિલ શરૂ થવામાં 20 દિવસનો સમય બાકી છે. ત્યાં સુધી કાકડવાના ખેતરમાં આ બળી ગયેલી 100 ટન જેટલી શેરડીનું શું થશે?? સ્થાનિકો અને ખેડૂત સમાજમાં ઉગ્ર માંગ ઉઠી છે કે, વીજ કંપની અને સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કાકડવા ગામના ખેતરમાં સર્વે કરી, નુકસાનીનો સાચો અંદાજ કાઢી ખેડૂતને સત્વરે યોગ્ય વળતર આપવામાં આવે તેવી માંગ ખેડૂત કરી રહ્યા છે.

આ કારણસર શોર્ટસર્કિટ થાય છે

(1) વાયરોનું લૂઝ હોવું
(2) ઊંચા પાકની જર્જરિત લાઈન સાથે નિકટતા
(3) ભેજ અને પવનથી સ્પાર્કિંગ
(4) ઓપન ફ્યુઝ પેટી અને જમ્પર્સ
(5) ઇન્સ્યુલેટર અને પોલનું નબળું મેન્ટેનન્સ
(6) કાર્બન અને ધૂળનું જમા થવું
(7) શુષ્ક વાતાવરણ

કામરેજમાં લગ્નની લાલચે દુષ્કર્મ કરનાર સામે ફરિયાદ

બે વિવાહ નિષ્ફળ ગયા બાદ ત્રીજી વખત ફૂલહાર કરનાર જીતુ ટીલાવત સામે દુષ્કર્મનો ગુનો નોંધાયો

કામરેજ: કામરેજના શેખપુર ગામે લગ્નની લાલચ આપી મહિલા સાથે શારીરિક સંબંધો બાંધી બાદમાં મારઝૂડ કરી વિશ્વાસઘાત કરનાર ઈસમ સામે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મૂળ મહારાષ્ટ્રની વતની અને ૧૧ વર્ષની પુત્રી ધરાવતી મહિલાના પતિ નશાની ટેવ ધરાવતા હોવાથી તેમણે છૂટાછેડા લીધા હતા. ત્યારબાદ ઉમરા ખાતે કરેલાં બીજાં લગ્ન પણ પુત્રીને સ્વીકારવાની ના પાડતાં તૂટી ગયાં હતાં. આશરે છ માસ અગાઉ મહિલાની મુલાકાત કામરેજના શેખપુર સ્થિત અક્ષરવિલા સોસાયટીમાં રહેતા અને મૂળ ડુંગર, તા.મહુવા, જિ. ભાવનગરના રહેવાસી જીતુ શામદાસ ટીલાવત સાથે થઈ હતી. જીતુએ લગ્ન કરવાની ખાતરી આપતાં બંનેએ હિન્દુ વિધિ મુજબ ફૂલહાર કર્યાં હતાં અને સાથે રહેવાનું શરૂ કર્યું હતું. દરમિયાન મહિલા ગર્ભવતી બની હતી, પરંતુ તબીબી તપાસમાં બાળકના ધબકારા બંધ થઈ જતાં ગર્ભાશય સાફ કરાવવું પડ્યું હતું. આ ઘટના બાદ મહિલાએ કાયદેસરના લગ્નનું લખાણ કરવા દબાણ કરતાં જીતુ સમાજ ભેગો કરવાનું બહાનું બતાવતો હતો અને મહિલા સાથે મારઝૂડ કરવા લાગ્યો હતો.

દરમિયાન જીતુ બીમાર પડતાં વતનમાં સારવાર અર્થે દાખલ થયો હતો, જ્યાંથી પરત ફરી મહિલા પોતાના માનેલા ભાઈના ઘરે સુરત રહેવા આવી ગઈ હતી. અંતે પોતાની સાથે થયેલા છળકપટ અને શારીરિક શોષણ અંગે પરિણીતાએ કામરેજ પોલીસ મથકમાં જીતુ ટીલાવત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચાંચવેલમાં રખડતા શ્વાનનો 6 મહિનાના બાળક પર હુમલો

માતાએ સમય સૂચકતા વાપરી બાળકને છોડાવ્યો, બાળક હોસ્પિટલમાં સારવાર હેઠળ

ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ, શ્વાનને પકડવાની કામગીરી શરૂ

ભરૂચ: વાગરાના ચાંચવેલ ગામે રખડતા શ્વાને ઘરના આંગણામાં સુવાડેલા માત્ર 6 મહિનાના માસૂમ બાળક પર હુમલો કરી માથા અને મોંના ભાગે ગંભીર બચકાં ભરી લેતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ ચોંકાવનારી ઘટનાનાં


CCTV ફૂટેજ સામે આવ્યાં છે, જે વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

ચાંચવેલ ગામના ખેડૂત શકીલ સુલેમાન મોમલનાં પત્ની સવારના સમયે ઘરના આંગણામાં સફાઈકામ કરી રહ્યાં હતાં. એ સમયે તેમનું 6 મહિનાનું માસૂમ બાળક આંગણામાં રાખ્યું હતું. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક રખડતા શ્વાને અચાનક માસૂમ બાળક પર હુમલો કરી દીધો હતો અને તેના માથા તેમજ ચહેરાના ભાગે બચકાં ભરી લીધાં હતાં. બાળકના રડવાનો અવાજ આવતાં જ માતાએ તાત્કાલિક દોડી જઈ સમયસૂચકતા વાપરી બાળકને શ્વાનના જડબામાંથી છોડાવ્યો હતો. હુમલો કર્યા બાદ શ્વાન ત્યાંથી ભાગી ગયો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા માસૂમ બાળકને તુરંત જ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટના અંગે ચાંચવેલ ગામના સરપંચ મોહમદ સિકંદરે જણાવ્યું હતું કે, માતાની સમયસૂચકતાને કારણે બાળકનો બચાવ થયો છે અને હાલ તેની સારવાર ચાલી રહી છે. ગ્રામ પંચાયત દ્વારા હુમલો કરનાર શ્વાનને શોધી પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ટ્રક ચાલુ કરવા રાખેલો લાકડીનો ટેકો તૂટતાં ચાલક બે ટ્રક વચ્ચે કચડાયો

પલસાણાના બલેશ્વર નજીક બનેલી ઘટના

પલસાણા: પલસાણાના બલેશ્વરમાં આવેલી સહયોગ હોટલના પાર્કિંગમાં ૨૬ વર્ષીય યુવાનનું બે ટ્રક વચ્ચે ફસાઈ જવાથી મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં મૃતકના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. મૃતક યુવાનનું નામ રોહન આપ્પાસાહેબ કુરને હતું અને તે મૂળ કર્ણાટકના બેલગામ જિલ્લાનો વતની હતો. રોહન પોતે ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતો હતો અને પોતાની ટ્રક નં.(KA-28-AA-1159) લઈ મુંબઈથી ગુજરાત આવ્યો હતો. આ બનાવમાં આરોપી તરીકે અન્ય ટ્રક નં.(KA-63-9165) ના ચાલક બજરંગ અપ્પા ખરાડે સામે બેદરકારી દાખવવા બદલ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ ગત તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ બપોરે બે વાગ્યાની આસપાસ રોહનની ટ્રક ચાલુ થતી ન હતી. આથી ત્યાં હાજર અન્ય ટ્રક ચાલક બજરંગની મદદથી પાછળથી ધક્કો મારી ટ્રક ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. દરમિયાન રોહન બંને ટ્રક વચ્ચે લાકડીનો ટેકો રાખી ઊભો હતો. અચાનક લાકડી તૂટી ગઈ હતી અને તે જ સમયે આરોપી ચાલક બજરંગે પોતાની ટ્રક જોરથી રિવર્સ લેતાં રોહન બંને ટ્રક વચ્ચે ફસાઈ ગયો હતો. આ દબાણને કારણે રોહનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં મોત નીપજ્યું હતું.

ગાજરગોટા ગામે લગ્ન પ્રસંગોમાં ડીજે અને બેન્ડ પાર્ટી પર પ્રતિબંધ

ડીજેમાં ૩.૫૦ હજારથી ૧ લાખ સુધીનો ધુમાડો અટકાવવાના ગ્રામજનોનો સામૂહિક નિર્ણય



ભરૂચ, ચિકદા: લગ્ન પ્રસંગોમાં થતા ફાજલ અને વ્યાપક ખર્ચને રોકવા માટે ગાજરગોટા ગામના ગ્રામજનોએ ઐતિહાસિક સામૂહિક નિર્ણય લીધો છે. ગામના વડવાઓ અને શિક્ષિત વર્ગના લોકો ભેગા થઈને વિસ્તૃત ચર્ચા બાદ નક્કી કર્યું છે કે, હવેથી ગામમાં કોઈપણ શુભ પ્રસંગોમાં બેન્ડ પાર્ટી અને ડીજેના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

આ પહેલ માત્ર ગાજરગોટા ગામ પૂરતી સીમિત નથી, પરંતુ તાજેતરમાં કોકમ ગામે લગ્ન પ્રસંગમાં ડીજે પર થતા વ્યર્થ ખર્ચ સામે જે અવાજ ઊઠ્યો હતો, તેની અનુગામી અસરરૂપે આ નિર્ણય લેવાયો છે. કોકમ ગામે પણ આ પ્રકારનું પગલું ભરીને સામૂહિક ધોરણે નિર્ણય લેવામાં સફળતા મેળવી હતી, જે હવે ગાજરગોટા ગામે પણ અનુસરવામાં આવી છે.

લગ્નસરામાં વ્યવહાર રીતે આનંદ અને ઉલ્લાસ માણવાની પરંપરા છે. પરંતુ આજકાલ આ આનંદ વ્યાપક ખર્ચાળમાં પરિણમતો જાય છે, જેના કારણે ઘણા પરિવારો દેવાદાર બની જતા હોય છે. લગ્નસરામાં દરેકથી ચઢિયાતા ખર્ચ કરવાની હોડમાં ડીજે અને લાઈટિંગ પાછળ રૂ.૫૦ હજારથી લઈને રૂ.૧ લાખ સુધીનો ધુમાડો થઈ જતો હોય છે. આજના સાંપ્રત સમયમાં આવા મોંઘા ખર્ચામાંથી ઘણાં દૂષણો ભરાઈ જતા હોય છે, જેનાથી સામાજિક અસંતુલન ઊભું થાય છે. ગાજરગોટા ગામના આ સામૂહિક નિર્ણયને સમાજમાં એક મહત્ત્વપૂર્ણ પગલાં તરીકે જોવામાં આવી રહ્યો છે. ગ્રામજનોનું માનવું છે કે, લગ્નસરાના ખોટા ખર્ચને બંધ કરવું એ સમયની માંગ છે.

સારણ ગામમાં DGVCLનું ચેકિંગ, 11 ઈસમ ભેરવાયા

6 લાખનો દંડ ફટકારાશે, વીજ ચોરોમાં ફફડાટ

ભરૂચ: વાગરાના સારણ ગામમાં DGVCL દ્વારા વહેલી પરોઢે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વીજ ચોરી અને ગેરકાયદે વીજ વપરાશને અટકાવવાના હેતુથી કરવામાં આવેલી આ કાર્યવાહીને પગલે વીજ જોડાણોમાં ગેરરીતિ આચરતાં તત્ત્વોમાં ફફડાટ ફેલાયો હતો, જેમાં 11 જેટલાં કનેક્શનો પકડાતાં અંદાજે 6 લાખ જેટલો દંડ ફટકારવામાં આવશે એવી માહિતી મળી છે.

દિવસ દરમિયાન થતી સામાન્ય તપાસથી અલગ રણનીતિ અપનાવી DGVCLની વિજિલન્સ ટીમ અને સ્થાનિક તંત્ર વહેલી સવારે જ સારણ ગામમાં પહોંચી ગયું હતું. અધિકારીઓ, ટેક્નિકલ સ્ટાફ અને સુરક્ષા કર્મચારીઓની ટીમે ગામના અલગ-અલગ વિસ્તારોમાં ઘરવપરાશ તેમજ વાણિજ્યિક વીજ જોડાણોની તપાસ હાથ ધરી હતી.

અચાનક શરૂ થયેલી આ કામગીરીને કારણે ગામમાં વીજ જોડાણોની ચકાસણી હાથ ધરાઈ હતી.

તપાસ દરમિયાન 11 જેટલાં ગેરકાયદે વીજ જોડાણો, મીટર સાથે છેડછાડ અને મંજૂરી વિના વીજળીનો ઉપયોગ કરાતો હોવાનું જણાયું હતું. ટીમ દ્વારા ગેરકાયદે વાયર જપ્ત કરીને નિયમ મુજબ આકારણી સાથે અંદાજે 6 લાખની દંડાત્મક કાર્યવાહી ફટકારવામાં આવશે.

ઉછીના લીધેલાં નાણાં પરત માંગતાં સાળાનો બહેન-બનેવી પર હુમલો

પ્લાસ્ટિકના પાઇપ વડે હુમલો કરતાં કારેલીના દંપતીને હોસ્પિટલ ખસેડાયું

પલસાણા: પલસાણાના કારેલીમાં નાણાંની લેવડદેવડ બાબતે સાળાએ પોતાના જ બનેવી અને બહેન પર પ્લાસ્ટિકના પાઇપ વડે જાનલેવા હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે પલસાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કારેલી ગામની સીમમાં આવેલી નંદનવન રેસિડેન્સીના રૂમ નં.૯૮માં ૪૨ વર્ષીય દિનેશકુમાર રામનરેશકુમાર ઝા પત્ની શિખાદેવી અને બાળકો સાથે રહે છે. ગત તા.૧૧/૧૦/૨૦૨૬ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેમનાં સાસુ નીલાદેવી ઘરે આવ્યાં હતાં. આ સમયે દિનેશકુમારે આઠ વર્ષ અગાઉ સસરાને આપેલા રૂ.૨ લાખમાંથી બાકી નીકળતા રૂ.૧ લાખ પરત માંગ્યા હતા. તેમજ પત્ની શિખાદેવીએ પણ ભાઈ શિવગોપાલ મારફતે બહેન નીતુદેવીને આપેલા દાગીના પરત આપવા જણાવ્યું હતું. સાસુએ રૂ.૧ લાખ પરત આપવા બાબતે પુત્ર શિવગોપાલ ગોવિંદભાઈ ઝાને કહેતાં જ તે ઉશ્કેરાઈ ગયો હતો. શિવગોપાલે બનેવી દિનેશકુમાર સાથે ગાળાગાળી કરી પ્લાસ્ટિકના પાઇપ વડે હુમલો કરી દીધો હતો, જેમાં દિનેશકુમારને ડાબા હાથની કોણી અને કમરના ભાગે મૂઢ માર વાગ્યો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલી બહેન શિખાદેવીને પણ શિવગોપાલે પાઇપ મારતાં તેમને પેટ અને કમરના ભાગે ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે રેસિડેન્સીના લોકો એકઠા થઈ જતાં હુમલાખોર સાળો ત્યાંથી ભાગી છૂટ્યો હતો. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત દંપતીને બારડોલીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયું હતું. સારવાર બાદ સ્વસ્થ થતાં દિનેશકુમારે પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ એએસઆઈ જીતેન્દ્રકુમાર હીરજીભાઈ વસાવાને સોંપી છે.

ભરૂચ શહેરમાં ડ્રગ્સ સાથે યુવક ઝડપાયો



ભરૂચ: અંકલેશ્વર બાદ હવે ભરૂચ શહેરમાં પણ ડ્રગ્સનો કાળો કારોબાર પકડાયો છે. બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે ત્રણકૂવા ફાટક નજીક દરોડા પાડીને ૨૩ વર્ષીય ધ્રુવ નરેશભાઈ ગોહિલ નામના યુવકને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી ૭૬ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે ડ્રગ્સ, એક્ટિવા અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૨.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. નાની વયના આ યુવકની સંડોવણી ખૂલતાં પોલીસે આ માદક પદાર્થ ક્યાંથી લાવ્યો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

જંબુસરના કોરા ગામે મધમાખીઓના હુમલાથી પશુપાલકનું મોત



ભરૂચ: જંબુસર તાલુકાના કોરા ગામે રોજિંદા ક્રમ મુજબ ગામના પટાંગણમાં ગાયો ચરાવવા ગયેલા અર્જુનસિંહ કિર્તનસિંહ સોલંકી નામના પશુપાલક પર અચાનક જંગલી મધમાખીઓના ઝુંડે ભયાનક હુમલો કરી દીધો હતો. મધમાખીઓના અણધાર્યા હુમલામાં અર્જુનસિંહ ગંભીર રીતે ઘવાયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત પશુપાલકને સારવાર અર્થે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. જોકે, મધમાખીઓના ઝેરી ડંખને કારણે તેમની હાલત વધુ ગંભીર બની ગઈ હતી અને કમનસીબે હોસ્પિટલ પહોંચે તે પહેલાં રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું હતું. આ અચાનક બનેલી દુ:ખદ ઘટનાથી મૃતકના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પશુપાલકના અકાળે અવસાનથી કોરા ગામ સહિત સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ઊંડા શોકની લાગણી પ્રસરી ગઈ છે. સીમ અને ખેતરોમાં કામ કરતા ખેડૂતો તથા પશુપાલકો માટે મધમાખીઓના આવા જીવલેણ હુમલા ચિંતાનો વિષય બન્યા છે.

કારેલીમાં માછલીનો ધંધો કરનારા બાખડ્યા

સાયણ: ઓલપાડના કારેલી ગામે માછલીના વેપાર અંગે લોકલ યુવક અને બિહારી ભાઈઓ વચ્ચે ધીંગાણું ખેલાયું હતું. લક્ષ્મીનગર સોસાયટીમાં રહી માછલી વેચતા મૂળ બિહારના જીતેન્દ્ર મહંતો અને તેના ભાઈ ગોવિંદ સાથે ગામના દીપક નામના શખ્સે નંદની ઈન્ડસ્ટ્રિયલ પાર્ક નજીક ઉગ્ર બોલાચાલી કરી હતી. ઝઘડા બાદ દીપકે પોતાના ત્રણ સાગરીતોને બોલાવી લાકડાના ફટકા અને છૂટ્ટી ઈંટ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ઈજાગ્રસ્ત જીતેન્દ્રને સાયણની હોસ્પિટલમાં ખસેડાયો હતો. સામસામે તલવાર અને લાકડાના ફટકાથી થયેલા હુમલાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ઘટના અંગે ઓલપાડ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વાલિયામાં ચોરીની મોટર સાથે 4 ઝડપાયા

ભરૂચ: વાલિયા પોલીસ મથકના PI સી.એફ.ઠાકોર દ્વારા નવરાત્રિ તહેવારને ધ્યાનમાં રાખી મિલકત સંબંધિત ગુનાઓ અટકાવવા કડક પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, ચાર ઈસમ ચોરીની ત્રણ સબમર્સિબલ મોટર અને કેબલ વાયર વેચવા માટે વાલિયા ટાઉનમાં ગ્રાહકો શોધી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને વાલિયાના ઉમરગામમાં રહેતા દીપક વિનુભાઈ વસાવા, અભય સુરેન્દ્રભાઈ વસાવા, કેવિન સુન્દરભાઈ વસાવા અને સંજય વજેસિંગ ચૌહાણને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીની ત્રણ મોટર અને કેબલ વાયર કબજે કર્યા છે. જેની કુલ કિ.રૂ.50 હજાર જેટલી હોવાનું જાણવા મળે છે. પોલીસે મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં રૂ.66 હજારનો ગાંજો મળ્યો

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર GIDC પોલીસે ચોક્કસ બાતમીના આધારે લક્ષ્મણનગર, સારંગપુર વિસ્તારમાં આવેલી મંગલદીપ સોસાયટીમાં રેડ કરી હતી. પોલીસ ટીમે સરકારી પંચોની હાજરીમાં દરોડો પાડી પ્લોટ નં.૨૮૧માંથી રહેવાસી મહિલા ઓમલતા બિંદેશ્વર વિલાસ મંડલ (ઉ.વ.૫૦)ના કબજામાંથી રૂ.૬૬,૦૦૦ની કિંમતનો ૧.૩૨૦ કિલોગ્રામ ગેરકાયદે ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે.

નેત્રંગમાં ખેડૂતોને આઠ કલાક વીજળી આપવા મંત્રીની સૂચના

વહીવટ સુદ્રઢ બનાવવા મંત્રી ડો.પ્રદ્યુમન વાજાની સ્થળ સમીક્ષા

નેત્રંગ: વહીવટ અને શાસન સુદ્રઢ બનાવવાના હેતુથી મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ નેત્રંગ તાલુકાની મુલાકાત લઈ વિવિધ સ્થળ સમીક્ષા અને બેઠકો યોજી હતી. મંત્રીએ મોવી અને કાંટીપાડા ખાતે NH-56 રોડ પ્રોજેક્ટનાં અટકેલાં કામો અંગે સ્થાનિક ખેડૂતો, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ સાથે રૂબરૂ મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ નેત્રંગ મામલતદાર કચેરી ખાતે કલેક્ટર નવનાથ


પ્રદીપ ગુર્જર

ગવ્હાણે, ડીડીઓ યોગેશ કાપસે, પોલીસ અધિક્ષક સહિત લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં પડતર પ્રોજેક્ટ્સ, વીજળી, રસ્તા, પાણી, આરોગ્ય અને શિક્ષણ સહિતની પ્રાથમિક સુવિધાઓની સમીક્ષા કરવામાં આવી હતી. મંત્રીએ વીજ કંપનીના અધિકારીઓને ખેડૂતોને સમયસર ૮ કલાક અવિરત વીજળી પૂરી પાડવા તાકીદ કરી હતી. તેમજ પીએમ આવાસ, જલ જીવન મિશન, આયુષ્માન ભારત સહિતની યોજનાઓના અમલીકરણ માટે સૂચના આપી હતી. આ તકે મામલતદાર કચેરી ખાતે જન સુનાવણી કાર્યક્રમ યોજી અરજદારોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિવારણ કરાયું હતું.

એના નવરાત્રિમાં ટ્રસ્ટના નામે ધંધો આરતીની આડમાં ખાખી મહેરબાન

નવરાત્રિ મહોત્સવ પાછળ ધર્મના નામે મોટો વ્યાપારી ખેલ ખેલાઈ રહ્યો હોવાની ચર્ચા

બારડોલી: નાંદીડા ચોકડી ખાતે ચાલી રહેલા નવરાત્રિ મહોત્સવ પાછળ ધર્મના નામે મોટો વ્યાપારી ખેલ ખેલાઈ રહ્યો હોવાની ગંભીર ચર્ચાઓએ જોર પકડ્યું છે. સેવા અને ધર્મના નામે ચાલતા આ ચેરિટેબલ ટ્રસ્ટના નાણાકીય હિસાબો અને આવકજાવક સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. લાખો રૂપિયાની કમાણી કરતા આ આયોજનમાં ચેરિટી માત્ર કાગળ પર રહી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.

સરકારી નિયમ અનુસાર રાત્રે ૧૨ વાગ્યા પછી લાઉડસ્પીકર પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં, અહીં ખુલ્લેઆમ મળસકે સુધી સ્પીકર્સ ધમધમાવી કાયદાના લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે.

આટલી ખુલ્લી દાદાગીરી પાછળનું મુખ્ય કારણ આયોજકોની પદ્ધતિસરની ગોઠવણ હોવાનું મનાય છે. આયોજકો ગરબા મહોત્સવમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને આરતીનો લ્હાવો આપી, તેમનું સન્માન કરી કાયદાકીય છૂટછાટો મેળવી રહ્યા હોવાની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે. જે ખાખી વર્દી પર કાયદાના પાલનની જવાબદારી છે, તે જ ખાખી આરતીમાં સામેલ થઈ નિયમ ભંગ સામે આંખ આડા કાન કરી રહી હોવાનો રોષ પ્રજામાં જોવા મળી રહ્યો છે. ઉપરાંત સ્થાનિક રાજકીય નેતાઓનું ખુલ્લું પીઠબળ હોવાને કારણે સમગ્ર વહીવટી તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું છે.

રાજકીય વગ અને પોલીસ તંત્ર સાથેની ગોઠવણના જોરે આયોજકો બેખોફ બનીને સામાન્ય જનજીવન અને સરકારી જાહેરનામાની ઐસીતૈસી કરી રહ્યા છે. ધાર્મિકતાના નામે દુકાન ચલાવતા ટ્રસ્ટના હિસાબોની સઘન તપાસ થાય અને મળસકે સુધી ચાલતા ઘોંઘાટ સામે કોઈ અધિકારી કડક પગલાં ભરવાની હિમત બતાવે છે કે કેમ, તે જોવું રહ્યું.